**IITGn ખાતે ઇન્વેસ્ટરને કેવી રીતે ઇમ્પ્રેસ કરી ફંડ મેળવી શકાય તેની ટિપ્સ અપાઈ**

# આંત્રપ્રિન્યોર કેવી રીતે ફંડ મેળવી શકે છે તેના પર માસ્ટર ક્લાસ યોજયો

આઈઆઈટી ગાંધીનગર ખાતે ઈનોવેશન અને આંત્રપ્રિન્યોર સેન્ટર દ્વારા ફંડ રેઈઝિંગ ઉપર માસ્ટર ક્લાસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આઈઆઈટી ગાંધીનગરના ઈન્ક્યુબેટર્સને કેવી રીતે ફંડ લાવી શકાય અને કેવી રીતે તેનું મૂલ્યાંકન કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેવી રીતે અને કયા ઈન્વેસ્ટર્સને અપ્રોચ કરાય તે અંગે વાત કરતાં બેંગ્લોરના પ્રિવેન એડવાઈઝરના કો ફાઉન્ડર શ્રીપતિ આચાર્યે જણાવ્યું હતું કે સૌ પ્રથમ એક સ્ટાર્ટ અપ જે સાચી રીતે અને સાચી દિશામાં વર્ક કરી શકે તેની પસંદગી કરી તેને સ્થાપવામાં આવે ત્યાર બાદ તેના વિવિધ પાસાઓ જેમ કે ફંડ રેઈઝિંગ ઉપર કામગીરી કરવામાં આવે તો તેના પર તેમનું ફ્યૂચર નિર્ભર હોય છે, કારણકે તેઓ વર્ષો ઈન્વેસ્ટ નથી કરતાં, તેઓ પોતાનો ફ્યૂચર ઈન્વેસ્ટ કરે છે', તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે જો તમારી પાસે યૂનિક આઈડિયા છે તો તમે તેના આધારે ઈન્વેસ્ટરને પ્રભાવિત કરી શકો છો. સ્ટાર્ટ અપ આંત્રપ્રિન્યોર્સને કેવી રીતની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે જણાવી કસ્ટમર્સની ડિમાન્ડને ધ્યાનમાં રાખી સ્ટાર્ટ અપ શરૂ કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે માસ્ટર ક્લાસમાં સ્ટુડન્ટ્સ, ફેકલ્ટી તેમજ વિવિધ ઈન્સ્ટિટ્યૂશનના સ્ટુડન્ટ્સ હાજર રહી જરૂરી માહિતી મેળવી હતી.





**ઇન્વેસ્ટર માત્ર પૈસા ઇન્વેસ્ટ નથી કરતાં તેમનું ફ્યૂચર ઇન્વેસ્ટ કરે છે**

**Title:** A masterclass on how entrepreneurs can get funds
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/m/246429/5c083a6be5cad
**Date:** 06-12-2018